**Session Case No.68/2018**

નામદાર ગુજરાત હાઈકોર્ટ નોટીફિકેશન નં.સી.૨૦૦૧/૯૩, તા.૨૦–૦૫–૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોમાં મુજબ :–

**આંક–૧૪૩.**

**ફોર્મ–'એ'**

**દાહોદ જીલ્લાની બીજા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.લીમખેડા, જી.દાહોદ.**

**શ્રીમતી એમ.એમ.સોની, બીજા એડિશ્નલ ડિસ્ટ્રકટ & સેશન્સ જજ,**
**(ચુકાદાની તારીખ : ૧૮/૦૬/૨૦૨૬)**

**(સેશન્સ કેસ નં.૬૮/૨૦૧૮)**

(એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન)

ધાનપુર પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૮૦/૨૦૧૬.

ગુનો :– ભારતીય દંડ સંહીતાની કલમ –૩૯૫, ૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫(૧)(બી–એ) મુજબ

પોલીસ સ્ટેશન :– ધાનપુર પોલીસ સ્ટેશન.

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br><br>(મુળ ફરિયાદી :–સોમજીભાઇ પરથીભાઇ ભાભોર ) |
| ફરિયાદ પક્ષે વકીલશ્રી | વી.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી |
| આરોપી | ૧. મુકેશભાઇ પુનીયાભાઇ ભુરીયા રહે.– વાંસીયા ડુંગરી,કોટવાલ ફળીયુ,તા.ધાનપુર, જી.દાહોદ.<br>૨. બાબુભાઇ માનીયાભાઇ ઉર્ફે મોનસીંગ ભાભોર રહે.– ધનારપાટીયા, |

| | |
|---|---|
| | તા.ધાનપુર, જી.દાહોદ.<br>૩. કીરણભાઇ રસુલભાઇ પરમાર<br>રહે.– આંબાકાચ, મકડવા<br>ફળીયુ,તા.ધાનપુર, જી.દાહોદ.<br>૪. મુકેશભાઇ નારસીગભાઇ<br>બામણીયા રહે.– વાંસીયા<br>ડુંગરી, બામણીયા ફળીયુ,<br>તા.ધાનપુર, જી.દાહોદ.<br>પ. સુરેશભાઇ ગમજીભાઇ ભુરીયા<br>રહે.– વાંસીયા ડુંગરી,<br>તા.ધાનપુર, જી.દાહોદ.<br>૬. લીલેશભાઇ બદીયાભાઇ ભાભોર<br>રહે.– ધનારપાટીયા,<br>તા.ધાનપુર, જી.દાહોદ. |
| આરોપી તરફે વકીલશ્રી | એસ.જે.સોની, એ.વી.ચૌહાણ |

**ફોર્મ–'બી.'**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૬–૦૮–૨૦૧૬ |
| ફરીયાદની તારીખ | તા.૨૭–૦૮–૨૦૧૬ |
| ચાર્ઝસીટની તારીખ | તા.૧૦–૧૦–૨૦૧૭ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૦૭–૦૩–૨૦૨૪ |
| પુરાવો શરુ કર્યાની તારીખ. | તા.૨૨–૦૮–૨૦૨૪ |
| ચુકાદો સંરક્ષીત રાખ્યાની તારીખ | તા.૧૮–૦૬–૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૧૮–૦૬–૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો, | – |

**<u>આરોપીની વીગત :–</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નીર્દોષ છોડવામા આવ્યા છે કે કસુરવાર ? | શુ સજા કરી ? | સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુકેશભાઇ પુનીયાભાઇ ભુરીયા રહે.– વાંસીયા ડુંગરી,કોટવાલ ફળીયુ,તા.ધાનપુર, જી.દાહોદ. | તા.૨૦/૦૭/૨૦૧૭<br><br>તથા ફરી પકડયા તા. ૦૧/૦૩/૨૦૨૩ | તા.૧૪/૧૨/૨૦૧૮<br><br>તથા ફરી જામીન ઉપર છોડયા તા. ૨૫/૦૪/૨૦૨૩ | ઇ.પી.કો કલમ ૩૯૫,૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫(૧)(બી–એ) | –– | | ૫૭૬ દિવસ |
| ૨ | બાબુભાઇ માનીયાભાઇ ઉર્ફે મોનસીંગ ભાભોર રહે.– ધનાર પાટીયા, તા.ધાનપુર, જી.દાહોદ. | તા.૨૦/૦૭/૨૦૧૭ | તા. ૨૭/૦૭/૨૦૧૭ | ઇ.પી.કો કલમ ૩૯૫,૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫(૧)(બી–એ) | –– | | ૦૭ દિવસ |
| ૩ | કીરણભાઇ રસુલભાઇ પરમાર રહે.–આંબા કાચ, મકડવા ફળીયુ,તા.ધાનપુર, જી.દાહોદ | તા.૨૦/૦૭/૨૦૧૭ | તા. ૨૭/૦૧/૨૦૨૦ | ઇ.પી.કો કલમ ૩૯૫,૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫(૧)(બી–એ) | નિર્દોષ | | ૦૭ દિવસ |
| ૪ | મુકેશભાઇ નારસીગભાઇ બામણીયા રહે.– વાંસીયા ડુંગરી, બામણીયા ફળીયુ, તા.ધાનપુર, જી.દાહોદ. | તા.૨૦/૦૭/૨૦૧૭ | તા. ૧૬/૦૩/૨૦૧૯ | ઇ.પી.કો કલમ ૩૯૫,૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫(૧)(બી–એ) | –– | | ૬૦૪ દિવસ |
| ૫ | સુરેશભાઇ ગમજીભાઇ ભુરીયા રહે.– વાંસીયા ડુંગરી, તા.ધાનપુર, જી.દાહોદ. | તા.૨૦/૦૭/૨૦૧૭<br><br>તથા ફરી પકડયા તા. ૧૮/૦૫/૨૦૨૩ | તા.૨૭/૦૭/૨૦૧૭<br><br>તથા ફરી જામીન ઉપર છોડયા તા. | ઇ.પી.કો કલમ ૩૯૫,૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫(૧)(બી–એ) | નિર્દોષ | -- | ૧૩ દિવસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૫/૦૪ /૨૦૨૩ | | | | |
| ૬ | લીલેશભાઇ બદીયાભાઇ ભાભોર રહે– ધનારપાટીયા, તા.ધાનપુર, જી.દાહોદ. | તા.૨૦/૦૭/ ૨૦૧૭ તથા ફરી પકડયા તા. ૧૮/૦૫/૨૦ ૨૩ | તા.૨૭/ ૦૭/ ૨૦૧૭ તથા ફરી જામીન ઉપર છોડયા તા. ૨૫/૦૪ /૨૦૨૩ | ઇ.પી.કો કલમ ૩૯૫,૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫(૧) (બી–એ) | નિર્દોષ | -- | ૧૩ દિવસ |

**ફોર્મ–'સી'**

**<u>ફરીયાદ પક્ષે /બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લીસ્ટ</u>**

**<u>એ./ફરીયાદ પક્ષે સાહેદ લીસ્ટ</u>**

| પી.ડબલ્યુ/આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| P.W.1/આંક- ૭૫ | સોમજીભાઇ પરથીભાઇ ભાભોર | ફરીયાદી |
| P.W.2/આંક-૧૦૪ | મીઠીયાભાઇ વંછત્રાભાઇ મોહનીયા | પંચ |
| P.W.3/આંક-૧૦૬ | નરસુભાઇ બાદરધભાઇ મોહનીયા | પંચ |
| P.W.4/આંક-૯૨ | ભરતકુમાર ગંગારામ રાવલ | ત.ક.અ. |
| | **<u>સે.કેસ નં.૧૪૫/૨૦૧૭ ના કામે થયેલ જુબાનીઓની ખરી નકલો</u>** | |
| આંક-૭૮ | ભાવસીંગભાઇ કાનજીભાઇ ભાભોર | સાહેદ |
| આંક-૭૯ | રામસીંગભાઇ પરથીભાઇ ભાભોર | સાહેદ |
| આંક-૮૦ | ગુલાબભાઇ સોમાભાઇ બામણીયા | પંચ |
| આંક-૮૧ | રમેશભાઇ મીઠાભાઇ ભાભોર | સાહેદ |
| આંક-૮૨ | છગનભાઇ સુરતાનભાઇ મહીડા | સાહેદ |
| આંક-૮૩ | ભરતકુમાર ગંગારામ રાવલ | ત.ક.અ. |
| આંક-૮૪ | દીતાભાઇ મંગળભાઇ ભુરીયા | પંચ |
| આંક-૮૫ | સોમજીભાઇ પરથીભાઇ ભાભોર | સાહેદ |
| આંક-૮૬ | કૈલાશભાઇ સોમજીભાઇ ભાભોર | સાહેદ |
| આંક-૮૭ | નીલમબેન કૈલાશભાઇ ભાભોર | સાહેદ |
| આંક-૮૮ | શકલીબેન સોમજીભાઇ ભાભોર | સાહેદ |

| | | |
|---|---|---|
| આંક-૮૯ | પ્રદીપભાઇ સોમજીભાઇ ભાભોર | સાહેદ |
| આંક-૯૦ | હીરાભાઇ પરથીભાઇ ભાભોર | સાહેદ |
| આંક-૯૧ | રાજેશભાઇ જવસીંગભાઇ ભાભોર | સાહેદ |

**બી./બચાવ પક્ષે સાહેદ લીસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| -- | | |

**સી./કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| -- | | |

**ફરીયાદ પક્ષે /બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :**

**એ./ફરીયાદ પક્ષે આંક :**

| **અ.નં.** | **વીગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૭૬ |
| ૨ | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ | ૯૪ |
| ૩ | કલમ ૨૭ મુજબ શોધનુ પંચનામુ | ૧૦૫ |
| ૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૨૯ |
| ૫ | મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૩૦ |

**બી./બચાવ પક્ષે આંક :**

| **અ.નં.** | **વીગત** | **આંક** |
|---|---|---|
| -- | | |

**સી./કોર્ટ પક્ષે આંક:**

| **અ.નં.** | **વીગત** | **આંક** |
|---|---|---|
| -- | | |

**કબજે કરેલ મુદ્ામાલ આંક:**

| **અ. નં.** | **આર્ટીકલ નંબર** | **વીગત** |
|---|---|---|
| -- | | |

**–::: જજમેન્ટ :::–**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના ફરીયાદી સોમજીભાઇ પરથીભાઇ ભાભોર રહે. કાકડખીલા, ભાભોર ફળીયુ, તા. ધાનપુર, જી.દાહોદનાએ તા.૨૭–૦૮–૨૦૧૬ ના રોજ ધાનપુર પોલીસ સ્ટેશનમા નોંધાવેલ ફરીયાદની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા.૨૬–૮–૧૬ નારોજ રાત્રે જમી પરવારી ઘરના સભ્યો સાથે ઘરના દરવાજા બંધ કરી વાતો કરતા હતા તે વખતે રાત્રીના આશરે સાડા અગીયાર વાગે તેમના ઘરની આગળ આશરે બાર થી પંદર જેટલા માણસો બુમો પાડતા હતા અને કીકીયારીઓ કરતા ચડી બનીયાન ધારી આવેલ અને દરવાજો તોડી સોમજી તથા કૈલાશને મારી નાંખો તેમ મોટે મોટેથી બુમો પાડી પત્થરો લઇને ઘરમા આવતા ફરીયાદી તેમના નાના છોકરા પ્રદીપ સાથે મકાનના ધાબા ઉપરના ખંડમા જતા રહેલા અને તેમના પત્ની અને મોટો છોકરો કૈલાશ અને તેની પત્ની નીલમ અને નાની છોકરી માનશી બીજા માળે હતા તે સમયે તેઓએ તથા પ્રદીપે ચોર લુંટારા આવ્યા છે તેવી બુમો પાડેલી પરંતુ કોઇ આવેલ નહી. અને આ ચોર લુંટારાઓએ ફાયરીંગ કરેલુ અને ઘરમા તોડફોડ કરતા હતા દરમ્યાન તેમના ઘરથી થોડે દુર રહેતા તેમના ભત્રીજા રમેશભાઇએ પોતાની લાઇસન્સ વાળી બંદુક સાથે ચાર ભડાકા કરતા આ ચોર લુંટારુઓ ભાગી ગયેલા જેથી તેઓ અને તેમનો છોકરો પ્રદીપ ધાબા પરથી કુદી ખેતરમા સંતાઇ ગયેલા દરમયાન કોઇએ ૧૦૮ ને ફોન કરતા પોલીસ આવેલી તે સમયે તેમના પત્ની સકલીબેને તથા કૈલાશભાઇએ વાત કરેલી કે આ ચોર લોકોએ ગડદા પાટુથી શરીરે માર મારેલ અને ધાક ધમકી આપી ઘરના સર સામાનને તથા તીજોરીની તોડફીડ કરેલ છે. આ તમામ ચોર લુંટારુ ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના અને હીન્દી ગુજરાતી આદિવાસી જેવી ભાષા બોલતા હતા અને તેઓએ મોઢા બાંધેલા હતા અને ઘરની તીજોરીમાથી ખેડુતોના લોક ફાળાના આશરે પચ્ચાસ હજાર રુપીયા રોકડા લઇ ગયા છે. તે ઉપરાંત સોનાના દાગીના કેટલા લઇ ગયેલ છે તેની ખબર નથી આ

ચોર લુંટારુ પાસે લોખંડની પાઈપ તથા પત્થર જેવા મારક હથિયારો હતા. અને તેઓ ધાબા ઉપરથી કુદકો મારીને આવેલ હોય બંને પગે મચકોડ આવેલ હોય સારવાર માટે ગયેલા અને તેઓના ઘરે અજાણ્યા ચોર લુંટારુઓ સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂ.૫૦,૦૦૦/- ની લુંટ કરી નાશી જઈ ઈ.પી.કો.ક.૩૯૫,૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫ (૧)(બી-એ) મુજબનો ગુનો કરેલ હોય તેઓના વિરુધ્ધ કાયદેસરની તપાસ થવા ફરીયાદ છે.

**૨.** ઉપર મુજબની ફરિયાદ હકીકત ધાનપુર પોલીસ મથકના પો.સ.ઈ. રૂબરૂ જાહેર કરતા ધાનપુર પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૮૦/૨૦૧૬ થી ભારતીય દંડ સહિતાની કલમ-૩૯૫, ૩૯૭ તથા આમ્સ એકટની કલમ ૨૫(૧)(બી-એ) મુજબના ગુનાઓ દાખલ કરી આગળની તપાસ ત.ક. અમલદારને સોંપવામાં આવેલી.

**૩.** ત.ક.અમલદારે તપાસના કામે જરૂરી કાર્યવાહી કરી આરોપીને અટક કરી તે અંગેના જરૂરી પંચનામા કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે ધાનપુરના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં તા.૧૦-૧૦-૨૦૧૭ ના રોજ ચાર્જશીટ રજુ કરેલ.જે ચાર્જશીટ ધાનપુરના વિ. જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક કોર્ટના ક્રિમિનલ રજીસ્ટરે ક્રિમિનલ કેસ નં.૪૦૯/૨૦૧૭ થી નોંધવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ.

**૪.** સદર સમન્સ ઈસ્યુ થયા બાદ ધાનપુર ના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ સમક્ષ આરોપી હાજર થયેલ હોય આરોપીને ચાર્જશીટ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની ખાત્રી કરી આરોપી સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સેશન્સ અદાલતને પહોંચતી હોય ધાનપુરના વી.જયુડી.મેજીસ્ટ્રેટ શ્રી એ સી.આર.પી.સી.ની કલમ-૨૦૯ અંતર્ગત તા.૦૫/૦૯/૨૦૧૮ ના રોજ કમીટલ હુકમ પસાર કરી સદરહું કેસ ક્રિ. પ્રો. કો. ક.૨૦૯ અન્વયે

અત્રેની એડિ. સેશન્સ કોર્ટ, લીમખેડાને કમીટ કરવામાં આવેલ. જયાં તે સેશન્સ કેસ નં.૬૮/૨૦૧૮ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

**૫.** આ કામના આરોપીઓને વારંવાર વોરંટ નોટીસ કરવામા આવેલી પરંતુ આરોપી નં.૫ અને ૬ અત્રેની અદાલત સમક્ષ હાજર તેમના વિ. વકીલ શ્રી એસ.જે.સોની મારફતે હાજર થયેલા. જયારે આરોપી નં. ૧ થી ૪ ને વારંવાર પ્રોસેસ કરવા છતા તેઓ હાજર રહેલ નથી. જેથી તા.૧૨–૧૦–૨૩ નારોજ આંક–૧ હેઠળ આરોપી નં. ૧, ૩, અને ૪ પુરતો કેસ અલગ કરવાનો હુકમ કરવામા આવેલ છે. સરકાર પક્ષ તર્ફે વિ. એ.પી.પી.શ્રી એસ.વી.તડવી હાજર થયેલા. વિ.એ. પી.પી. શ્રી એસ.વી.તડવી તથા આરોપી તર્ફેના વિ.વકીલશ્રી એસ.જે.સોની ની ચાર્જ બાબતે દલીલો જોતા આરોપીઓ વિરૂધ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા તા.૩–૩–૨૦૨૪ નારોજ મારા પુરોગામી જજશ્રીએ આરોપી નં.૫ અને ૬ વિરૂધ્ધ આંક–૭૧ થી ગુનાનું તહોમતનામું ખુલ્લી અદાલતમાં ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીએ ગુનાની હકીકતોનો ઈન્કાર કરતા તે લગત આરોપીઓનુ આંક –૭૨, ૭૩ થી નિવેદન રેકર્ડ કરી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી. તે ઉપરાંત ચાલતા કામે આ કામના આરોપી નં.૩ નાઓ તેમના વી.વ.શ્રી એ.વી.ચૌહાણ મારફતે હાજર થયેલા. વિ.એ. પી. પી.શ્રી એસ. વી. તડવી તથા આરોપી તર્ફેના વિ.વકીલશ્રી એ.વી.ચૌહાણ ની ચાર્જ બાબતે દલીલો જોતા આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા આરોપી નં.૩ વિરૂધ્ધ આંક–૯૯ થી ગુનાનું તહોમતનામું ખુલ્લી અદાલતમાં ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીએ ગુનાની હકીકતોનો ઈન્કાર કરતા તે લગત આરોપી ઓનુ આંક–૧૦૦ થી નિવેદન રેકર્ડ કરી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

**૬.** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ–"સી" માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**૭.** ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૩૩ થી પુરાવા બંધની પુરસીસ આપેલી છે.

**૮.** ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબ આરોપી નં. ૩, ૫, ૬ નાઓનુ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં સદર આરોપીઓએ તેઓ સામે ખોટી ફરીયાદ કરી ખોટુ ચાર્જસીટ કરેલ છે તેઓ તદન નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે.

**૯.** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી તેમની દલીલોમાં જણાવે છે કે ફરિયાદ પક્ષ રજુ પુરાવાથી આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરેલ હોય આરોપીને યોગ્ય નશ્યત કરવા રજુઆત કરેલ છે. જયારે આરોપી તર્ફેના વિ.વકીલશ્રી એસ.જે.સોની તથા વી.વ.શ્રી એ.વી.ચૌહાણ નાએ તેમની દલીલોમાં જણાવે છે કે આ કામના સાહેદો ફરિયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ના હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**૧૦.** ઉપરોકત હકીકતે સદર કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :– શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે મળી તા.૨૬/૦૮/૨૦૧૬ ના રોજ કલાક ૨૩–૩૦ વાગે મોજે કાકડખીલા ગામે આ કામના ફરીયાદીને ત્યાં ધાડ પાડી સોમજી તથા કૈલાશને મારી નાંખો તેવી બુમો પાડી કીકીયારીઓ કરી તેમજ બંદુકથી ફાયરીંગ કરી ઘરનો મેઇન દરવાજો તોડી અંદર પ્રવેશ કરી તોડફોડ કરી સાહેદોને માર મારી તથા તીજોરીમા મુકી રાખેલ સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂ.૫૦,૦૦૦/– ની લુંટ કરી નાશી જઇ આ કામના આરોપી નં.૩, ૫, ૬ નાઓએ અન્ય આરોપીઓની મદદગારીમા રહીને ઇ.પી.કો.ક. ૩૯૫, ૩૯૭ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧)(બી–એ) મુજબના શિક્ષા પાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૨ :– શું હુકમ ?

**૧૧.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણોસહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.ર :– આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ ની ચર્ચા :–**

## (૧૨) ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો :–

**(૧૨.૧)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે ફરીયાદી સોમજીભાઇ પરથીભાઇ ભાભોરને આંક–૭૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે ગઈ તારીખ ૨૬/૦૮/૨૦૧૬ના રોજ મારા ઘરે લુંટ થયેલી તે દિવસે રાત્ર અમો જમી પરવારી ઘરના સભ્યો સાથે દરવાજો બંધ કરી વાતો કરતા બેઠા હતા તે વખતે રાત્રીના આશરે સાડા અગીયારેક વાગ્યાના સુમારે અમારા મકાનની આગળના ભાગે આશરે બારથી પંદર જેટલા માણસો બુમો પાડતા અને કીકીયારીઓ કરતા મોઢા ઉપર કપડા બાંધેલા ચડડી બનીયાનધારી માણસો આવેલા. અને તેઓ મારી નાખો તેવી બુમો પાડતા હતા અને પછી તેઓએ તેમની પાસેના હથીયારોથી મારા ઘરનો દરવાજો તોડી ઘરમાં આવેલા અને તેથી હું તથા મારો નાનો છોકરો પ્રદીપ અમારો જીવ બચાવવા ધાબા ઉપરના ખંડમાં જતા રહેલા અને મારા ઘરના માણસોમાં મારી પત્નિ શકલીબેન તથા મારો છોકરો કૈલાશ તથા તેની પત્નિ નીલમ અને નાની છોકરી માનસીનાઓ બીજા માળે હતા તે પછી મે તથા મારા છોકરા પ્રદીપે અમારા ઘરે ચોર લુટારા આવ્યા છે તેવી બુમો કરેલી પરંતુ આજુબાજુથી કોઈ માણસો દોડી આવેલા નહી અને આ ચોર લુંટારાઓએ સુથરી બોમ્બ ફોડેલા અને ઘરમાં તોડફોડ કરતા હતા તે વખતે મારા ઘરના સાઈડમાં થોડે દુર રહેતા મારો ભત્રીજો રમેશભાઈ મીઠાભાઈ ભાભોરનાઓએ તેમની લાયસન્સ વાળી બંદુકમાથી ચાર ધડાકા કરેલા અને તેથી આ ચોર લુટારા

ઓ તેઓ તરફ ગયેલા જેથી હું તથા મારો છોકરો પ્રદીપ બન્ને જણા ધાબા ઉપરથી કુદી અમારા ઘરની પાછળ આવેલ મકાઈ વાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલા. દરમ્યાન આ ચોર લોકો અમને શોધવા બેટરીઓ મારતા હતા તે વખતે કોઈએ ૧૦૮ ને ફોન કરતા સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી અને અમો અમાર ઘરે આવેલા ત્યારે મારી પત્નિ શકલીબેન તથા કૈલાશભાઈએ વાત કરેલી કે આ ચોર લોકોએ મને શરીરે માર મારી અમોને ધાક ધમકીઓ આપી અને ઘરનો સરસામાન તીજોરીઓની તોડફોડ કરેલી આ તમામ ચોર લુંટારા ૨૫ થી ૩૫ વર્ષની ઉમરના તથા હીન્દી, ગુજરાતી તથા સ્થાનિક બોલી તથા ભાષામાં બોલતા હતા અને તેઓએ મોઢા બાંધેલા હતા.આ ચોર લુંટારાઓ પાસે લોખંડની પાઈપો, તીર કામઠા તથા પત્થર જેવા મારક હથીયારો હતા. ચોર લુંટારા અમારા ઘરની તીજોરીઓ માંથી ખેડુતોના લોક ફાળાના આશરે ૫૦,૦૦૦/– રૂપીયા લઈ ગયેલા તથા ઘરમાંથી સોના ચાંદીનાના દાગીનાની લુંટ કરી નાસી ગયેલા. ધાબા ઉપરથી કુદતી વખતે મારા બન્ને પગે મચકોડ આવી ગયેલ હતી. તથા દુખાવો થતો હતો હું સારવાર માટે દાહોદ સમીર હઠીલા સાહેબના દવાખાને સારવાર માટે ગયેલો અને તે પછી બનાવ બાબતે મે ફરીયાદ આપેલી.જે ફરીયાદ આંક–૭૬ થી રજુ કરેલ છે. બનાવ બાબતે ફરીયાદ આપતા પોલીસ સ્થળ ઉપર આવેલી અને બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ અને મે ગુનાવાળી જગ્યા બતાવેલી.મે કોઈ ચોર લુંટારાઓને ઓળખેલા નહી અને મને કોઈ ચોર લુંટારા બતાવવામાં આવેતો ઓળખી શકુ નહી.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, ફરીયાદ કરવા માટે મારા ગામના તથા ફળીયાના આઠ થી દસ માણસો આવેલા. મારી સાથે આવેલા માણસોએ પોલીસ સ્ટેશન ફરીયાદ લખાવેલી અને મને સહી કરવા કહેતા મે સહી કરેલી. પોલીસ પાછળથી મને કોઈ દિવસ બોલાવ્યો હોય અને મને કોઈ આરોપીઓ બતાવેલા હોય તેવુ બનેલ નથી.

**(૧૨.૨)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ પંચ સાહેદ ભાવસીંગભાઇ કાનજીભાઇ ભાભોરની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૭૮ થી, પંચ સાહેદ રામસીંગભાઇ પરથીભાઇ ભાભોરની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૭૯ થી રજુ કરેલ છે. સદર પંચ સાહેદોના પુરાવા જોતા મને ધાનપુર પોલીસે અમારા ફળીયામાં સોમજીભાઈના ઘરે લુંટ થયેલી તે ગુનાની જગ્યાનું પંચનામું કરવાની સમજ કરતા અમો પંચમાં રહેલા અને જે જગ્યા જોતા ફરીયાદી સોમજીભાઈએ બતાવેલી અને તે તેમના મકાનના અંદરના ભાગમાં જોતા મુખ્ય દરવાજાની લોખંડની જાળીના દરવાજાના મીજાગરા તોડી નાખેલા હતા અને તે વખતે ફરીયાદી તથા સાહેદો અને લુટારાઓ વચ્ચે ઝપાઝપી થયેલી અને તે ખંડમાં જોતા એક લાકડાનો ખાટલો જેની એક તરફની ઈસ ટુટેલી હતી અને તેના નજીક એક મોટો પથ્થર પડેલો હતો, આ મકાન બે ગાળાનું હતુ જેમાં એક ગાળામાં પેટી પલંગ તથા અન્ય ઘરવખરી સરસામાન ભરેલો હતો તેમજ અંદરના ભાગે રસોડાની બાજુમાં એક લોખંડની તિજોરી ખુલ્લી હાલતમાં હતી અને તેમાથી લુંટ થયેલાની વાત ફરીયાદીએ કરેલી તે સિવાય સદર રૂમની અંદર એક સુટકેસ ખુલ્લી હાલત માં પડેલ હતી તે પછી બીજા ગાળામાં જોતા તે રૂમમાં ઘરનો પરચુરણ સામાન પડેલો હતો અને તે રૂમમાં દરવાજા નજીક એક મોટો પથ્થર પડેલ હતો અને ત્યા આગળ પણ એક લોખંડની તિજોરી ખુલ્લી હાલતમાં પડેલ હતી અને તેમાથી લુંટ થયેલ હોવાનું ફરીયાદીએ જણાવેલ હતુ તે સિવાય તે રૂમમાં ખાટલા, પલંગ તથા પરચુરણ સામાન પડેલો હતો. સદર મકાન ની ઉપર જવા માટે દિવાલને અડીને એક સીડી બનાવેલ હતી તથા મકાન ની બહાર દરવાજા વાટે નીકળતા દિવાલ ઉપરના ભાગે લોહી જેવા લાલ કલરના ધબ્બા જણાતા હતા. સદર મકાન આશરે ૫૫ X ૪૫ લંબાઈ પહોળાઈ વાળુ જણાતુ હતું. અને સીડીની નીચે ભોય તળીયામાં કોઠી ઓફીસ જેવો રૂમ જણાતો હતો જે રૂમમાં સદગુરુ સેવા ટ્રસ્ટનો સરસામાન જે તે સ્થિતિમા પડેલ હતો. સદર મકાનની પશ્ચિમે ૧૦ ફુટ દૂર ભાવસીંગ કાનજી તથા કેશવ અનોપના મકાનો આવેલા હતા અને તે પછી પચાસેક

ફુટ પસવાભાઈ તથ કાળુભાઈ તથા પુષ્પાબેનના મકાનો આવેલા હતા. સદર ગુનાવાળી જગ્યાએથી દક્ષિણ તરફ ગલાભાઈ તથા જવસીંગભાઈ તથા નવલસીંગભાઈના મકાન આવેલ હતા અને પૂર્વમાં ખુલ્લુ કમ્પાઉનડ છોડી રમણભાઈનું મકાન આવેલું છે અને તે પછી મનુભાઈ નાનીયાભાઈ ના મકાનો આવેલા છે અને ઉત્તરે દસ ફુટનો આર.સી.સી. રોડ આવેલ છે અને તે પછી રોડ છોડી બીજા લાઈન બંધ મકાનો આવેલ છે અને તે લાઈનમાં ફરીયાદીનું બીજુ મકાન પણ આવેલ છે અને તે મકાનને છોડીને ઉત્તરે રમેશભાઈનું મકાન આવેલ હતું જે બે માળનું ધાબાવાળુ આવેલ અને તે જગ્યાએથી રમેશભાઈએ ચોર લુટારાઓની ભગાડવામાં માટે મકાનની છત ઉપરથી ફાયરીંગ કરેલાનું જણાવેલ અને તે જગ્યાએ તુટેલા કારતુસના ખોખા ત્યા પડેલા જણાતા હતાં. તેઓએ પંચનામામાં પંચ તરીકેની પોતાની સહી ઓળખી બતાવેલ છે.

**(૧૨.૩)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ પંચ સાહેદ ગુલાબભાઈ સોમાભાઈ બામણીયાની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૮૦ થી રજુ કરેલ છે. તેઓના પુરાવા મુજબ પોલીસે તેઓની લખેલા કાગળમા સહી કરાવેલી પોલીસે કોઈ ચીજ વસ્તુ બતાવી હોય અને તે ચીજ વસ્તુ તપાસ અર્થે કબજે લીધેલ હોય કે કોઈએ બંદુક રજુ કરી હોય કે બંદુક તપાસ અર્થે કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવી આંક–૨૭ ના પંચનામામા માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે.અને વીગત વાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થન કારી કોઈ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૨.૪)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ રમેશભાઈ મીઠાભાઈ ભાભોરની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૮૧ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા

સોમજીભાઈ મારા કાકા થાય છે અને તેમના ઘરે ચોરી થયેલી અને તેમના ઘરે તારીખ ૨૬/૦૮/૨૦૧૬માં રાત્રીના સમયમાં થયેલી. તે વખતે હું મારા ઘરે હતો. અને તે વખતે અચાનક રાત્રીના સમયે મારા કાકાના ઘર બાજુ બુમાબુમ થતા હું જાગી ગયેલો અને તે વખતે સોમજીભાઈના ઘરની આજુ બાજુ ૩૦ થી ૩૫ માણસો કીકીયારીઓ કરતા જઈને ફરતા હતા અને તેમના ઘરના દરવાજો તોડવાનો અવાજ આવતો હતો અને તેથી મે મારા મકાનના ધાબા ઉપર જઈને વહારબુમ કરેલી અને ચોરોને ભગાવવા માટે મે મારી લાયસન્સ વાળી બંદુકમાંથી ચાર રાઉન્ડ ફાયરીંગ હવામાં કરેલુ અને આ ચોર લોકોમાંથી અમુક લોકો સોમજીભાઈના ઘરબાજુથી મારા ઘર બાજુ ઘસી આવેલા અને તે દરમ્યાન સોમજીભાઈ તેમના ઘર માંથી ધાબા ઉપરથી કુદીને કે પાઈપ ધ્વારા ઉતરીને કયાક જતા રહેલા અને તે દરમ્યાન મે ૧૦૮ તથા પોલીસને ફોન કરેલો અને રાતના દોઢથી બેના સમયમાં પોલીસ આવી ગયેલી અને બહાર બુમ પાડતા આજુ બાજુ ના ફળીયાના માણસો પણ આવી ગયેલા. આ બનાવમાં મારા કાકા સોમજીભાઈ તથા મારી કાકી સકલીબેનને વાગેલુ હોય તેઓને દાહોદ દવાખાને લઈ ગયેલા અને દવાખાને સારવાર કરાવીને ધાનપુર પોલીસ સ્ટેશને ફરીયાદ આપવા ગયેલા. બનાવની ફરીયાદ સોમજીભાઈએ લખાવેલી અને તે પછી પોલીસ અમારે ત્યા તપાસમાં આવેલી અને તેમને ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ અને મે જે ફાયરીંગ કરેલું તે જગ્યા બતાવેલી અને ત્યાથી બાર બોરના કારતુસના ખાલી ખોખા ધાબા ઉપર પડેલા હતા તે બતાવેલા અને તપાસના કામે મારી લાયસન્સ વાળી બંદુક જેમાથી મે ફાયરીંગ કરેલુ તે એફ.એસ.એલ.માટે પોલીસે માંગતા મે તેઓ ને મારી બંદુક સોપેલી. આ ચોર લોકોને મે મારા ધાબા ઉપરથી જોયેલા તો ચડડી બનીયાન ધારી તથા મોઢુ બાંધેલા હતા અને તેઓ અડધુ ગુજરાતી તથા અડધુ હીન્દી બોલતા હતા. આ ચોર લુંટારાઓ અંદાજે ૨૫ થી ૩૫ વર્ષની ઉમરના જણાતા હતા. આરોપીઓ આજ રોજ કોર્ટમાં હોય તો હું ઓળખી શકુ નહી, કારણકે તેઓને મે દૂરથી જોયેલા અને રાતનો સમય હતો.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો અને અંધારૂ હતુ. ચોર લુંટારાઓએ મોઢા ઉપર બુકાની બાંધેલ હતી તેથી તેઓ ઓળખાયેલા નહી. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી.

**(૧૨.૫)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ છગનભાઇ સુરતાનભાઈ મહીડાની જુબાની ની ખરી નકલ આ કામે આંક–૮૨ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા હું સોમજીભાઈને ઓળખું છું.ત્રણેક વર્ષ પહેલા તેમને ત્યાં ચોરી થયેલી. તે વખતે ભાભોર ફળીયાના સોમજીભાઈના ઘર બાજુ બંદુકના ભડાકાના અવાજ થતા તથા બુમાબુમ થતા અમે બધા જાગી ગયેલા અને હું તથા મારો છોકરો મુકેશ તથા મારો બાપ એમ ત્રણે જણા ઘરની બહાર નિકળેલા તે વખતે લાઈટના અજવાળે જોયેલ તો ૧૦–૧૫ જણાઓ જોવા મળેલા અને તેઓના મોંઢા બાંધેલા હતા અને ચડ્ડી–બનિયાન જેવા કપડા પહેરેલા હતા. અને જુવાનીયા જેવા લાગતા હતા. આ માણસોએ અમારા ઉપર હુમલો કરેલો અને તેમાં મને વાગેલું અને તેમાં મને દાંતરડા જેવું હથિયાર વાગેલું અને મારા બાપાને પણ આ લોકોએ લાકડી મારી દીધેલી અને તેમને ડાબા હાથે વાગેલું જેથી અમો બીકના માર્યા ઘરની અંદર આવતા રહેલા. તે પછી આ ચોર લોકોએ મારા ઘરેથી ભાભોર ફળીયાના ઘરો બાજુ જતા રહેલા. આ ચોર લોકો ગુજરાતી સ્થાનિક આદિવાસી ભાષા બોલતા હતા. અમોને વાગેલું હોય અમે સરકારી દવાખાને સારવાર કરાવેલી. બનાવ બાબતે પોલીસે અમારોજવાબ લીધેલો. આ બનાવમા મે કોઇને ઓળખેલા નહી.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, ભાભોર ફળીયુ અને અમારૂ સોલ ફળીયુ બે જુદા–જુદા ફળીયા છે. બંદુકના ભડાકાનો અવાજ ભાભોર ફળીયામાં થયેલો.અમે જાગીને બહાર નિકળ્યા ત્યારે ગામના ૨૫–૩૦ લોકો ભેગા થઇ ગયેલા હતા. મેં માણસોને જતા–આવતા જોયેલ નહી. એ વાત ખરી નથી કે, મને જે ઇજા થયેલ તે ટોળામાં થયેલી. એ વાત ખરી નથી કે,

પોલીસે મને કોઇ જગ્યાએ મને બોલાવેલો નહી અને કોઈ મારો જવાબ લખેલ નહી. પોલીસે મને બનાવના બે દિવસ બાદ બોલાવેલો. ત્યાર બાદ કયારેય બોલાવેલો નથી.

**(૧૨.૬)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ–તપાસ કરનાર અમલદાર ભરતકુમાર ગંગારામ રાવલની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૮૩ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા હું તા.૨૭/૦૮/૧૬ ના રોજ ધાનપુર પો.સ્ટે. ખાતે પી.એસ.આઈ. તરીકે મારી ફરજ પર હતો તે વખતે ફરીયાદી સોમજીભાઈ પરથીભાઈ ભાભોર રહે. કાકડખીલા નાએ મારી રૂબરૂ આવીને ફરીયાદ આપેલી અને તેમની ફરીયાદની હકીકત ટુંકમાં એવી હતી કે,તા.૨૬/૦૮/૧ ૬ ના રોજ કલાક ૨૩:૩૦ વાગ્યે કાકડખીલા ગામે ફરીયાદીના ઘરે આ કામના આરોપીઓએ બંદુક, પાઈપ તથા પત્થર જેવા મારક હથીયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકી આપી,સાહેદણ સતલીબેનનાઓને શરીરે ગડદાપાટુ નો માર મારી તીજોરી, કબાટ વિગેરેની તોડફોડ કરી રૂા. ૫૦,૦૦૦/– તથા સોના ચાંદીના દાગીનાઓની લૂંટ કરી નાસી જઈ ગુનો કર્યા અંગની વિગતવાર ફરીયાદ મારા રૂબરૂ લખાવતા તેઓના લખાવ્યા મુજબની મે લખી લીધેલી અને ગુનો રજીસ્ટર થવા માટે મોકલતા પી.એસ.ઓ. એ ધાનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૮૦/૧૬ ઈ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭, તથા આર્મ્સ એકટ ની કલમ ૨૫(૧) બી એ મુજબ નો ગુનો રજીસ્ટર કરી તપાસ માટે મારી તરફ મોકલતા મે આગળની તપાસ સંભાળેલી. મને આંક–૩૦ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે સોમજીભાઈ પરથીભાઈ ભાભોર નાઓની સહી છે તથા રૂબરૂમાં મારી સહી છે. જે હું ઓળખુ છુ. તપાસના કામે મે ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે તટસ્થ પંચોની હાજરીમાં ફરીયાદીએ બતાવ્યા મુજબનું કરેલુ. મને આંક ૨૩ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે તે વિગતવાર ના પંચનામાની નીચે પંચ નં. ૧ તરીકે રામસીંગભાઈ પરથીભાઈ ભાભોર તથા પંચ નં. ૨ તરીકે ભાવસીગભાઈ કાનજીભાઈ ભાભોર નાઓની સહી

છે અને રૂબરૂમાં મારી સહી છે જે હું ઓળખુ છું.તપાસના કામે સ્થળ પરિક્ષણ માટે એફ.એસ.એલ. યુનીટ દાહોદનાઓને બોલાવેલા અને સ્થળ પરથી તેઓની સુચના મુજબ મુદ્દામાલ તપાસ અર્થ બે તટસ્થ પંચોની હાજરીમાં કબજે લેવામાં આવેલો જેમાં ચાર કુટેલા કારતુસના ખોખા તથા લોહીના કોટનના પુમડામાં એફ.એસ.એલ. માટે લીધેલા તથા સાહેદ રમેશભાઈ મીઠાભાઈ ભાભોરનાઓએ બનાવ સમયે ચોર લૂંટારાઓને ભગાડવા માટે પોતાની લાઈસન્સ વાળી બંદુકમાંથી ફાયરીંગ કરેલ જે બંદુક એફ.એસ.એલ. પરીક્ષણ માટે રજુ કરેલી અને તે અંગેનુ વિગતવાર પંચનામું કરવામા આવેલું. મને આંક ૨૭ વાળુ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૧ તરીકે ગુલાબભાઈ સોમાભાઈ બામણીયા તથા પંચ નં. ૨ તરીકે દીતાભાઈ મંગળાભાઈ ભુરીયાનાઓની સહી છે તથા રૂબરૂમાં મારી સહી છે. જે હું ઓળખુ છુ. મને મુદ્દામાલ પાવતી નં. ૮૨/૧૬ વાળો મુદ્દામાલ બતાવવામાં આવે છે તેમાં ફૂટેલા કારતુસ નંગ–૪ તથા લોહીના ડાઘાવાળા પુમડા નંગ ૨ તથા કંટ્રોલ સેમ્પલ રૂ નુ પુમડુ નંગ ૧ બતાવવા માં આવે છે જે તપાસ અર્થે આંક–૨૭ ના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલા તે તેજ છે.તપાસના કામે મે આરોપી નરેશ મોહન ભુરીયા તથા મુકેશ દરીયા પસાયાના ઓને અટક કરેલા અને તેઓની શરીર સ્થિતી તથા અટક અંગેનું પંચનામુ બે તટસ્થ પંચોની રૂબરૂ માં કરેલું. મને આંક ૩૯ વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમા પંચ નં. ૧ તરીકે માનસીગભાઈ બદીયાભાઈ પસાયા નાઓની સહી છે તથા પંચ નં. ૨ તરીકે સબુરભાઈ ભુરજીભાઈ પસાયા નાઓના ડાબા હાથના અંગુઠાનું નીશાન છે તથા રૂબરૂમા મારી સહી છે. જે હુ ઓળખુ છુ.તપાસના કામે એફ.એસ.એલ. દાહોદનો પ્રાથમિક અહેવાલ સામેલ રાખેલ છે. મને નિ. ૫/૫ વાળો અહેવાલ બતાવવામાં આવે છે જે તેજ છે. જેને દાખલ આંક –૫૨ આપવામાં આવે છે. તપાસના કામે કબજે લીધેલ જરૂરી મુદ્દામાલ એફ.એસ.એલ. વડોદરા તથા અમદાવાદ ખાતે મોકલવામાં આવેલ. મને નિ. ૫/૬ તથા ૫/૭ વાળી સ્વાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણ પત્ર બતાવવામાં આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જેને રજુ

દાખલ આંક અનુક્રમે ૫૩ તથા ૫૪ આપવામાં આવે છે. તપાસના કામે મુદ્દામાલનું પરીક્ષણ થઈ આવતા મે પરીક્ષણ અહેવાલને આ સાથે સામેલ રાખેલ છે. મને નિ. ૧૦/૧ તથા ૧૦/૨ વાળો એફ.એસ. એલ. પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે મે તપાસના કામે સામેલ રાખેલ તે તેજ છે. જેને અનુક્રમે રજુ દાખલ આંક– ૫૫ તથા આંક –૫૬ આપવામાં આવે છે.તપાસના કામે મે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તે નિવેદનો તેઓના લખાવ્યા મુજબના વિગતવારના લખી લીધેલા.તપાસ દરમ્યાન આરોપીઓ સામે પુરતો પુરાવો આવતો હોઈ નામદાર કોર્ટમાં આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીઓને હું ઓળખું છુ. તે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી નથી કે, પંચોના લખાવ્યા મુજબ પંચનામુ કરેલુ નહી. એ વાત ખરી નથી કે સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો નોંધેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી નથી પૂરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**(૧૨.૭)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ પંચ સાહેદ દીતાભાઇ મંગળભાઇ ભુરીયાની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૮૪ થી રજુ કરેલ છે.તેઓના પુરાવા મુજબ પોલીસે તેઓની લખેલા કાગળમા સહી કરાવેલી પોલીસે કોઇ ચીજ વસ્તુ બતાવી હોય અને તે ચીજ વસ્તુ તપાસ અર્થે કબજે લીધેલ હોય કે કોઇએ બંદુક રજુ કરી હોય કે બંદુક તપાસ અર્થે કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવી આંક–૨૭ ના પંચનામામા માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલ છે.અને વીગત વાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થન કારી કોઇ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૨.૮)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ સોમજીભાઇ પરથીભાઇ ભાભોરની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૮૫ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા ગઈ તારીખ ૨૬/૦૮/૨૦૧૬ના રોજ મારા ઘરે લુંટ થયેલી તે દિવસે રાત્રે અમો જમી પરવારી ઘરના સભ્યો સાથે દરવાજો બંધ કરી વાતો કરતા બેઠા હતા તે વખતે રાત્રીના આશરે સાડા અગીયારેક વાગ્યાના સુમારે અમારા મકાનની આગળના ભાગે આશરે બારથી પંદર જેટલા માણસો બુમો પાડતા અને કીકીયારીઓ કરતા મોઢા ઉપર કપડા બાંધેલા ચડડી બનીયાન ધારી માણસો આવેલા. અને તેઓ મારી નાખો તેવી બુમો પાડતા હતા અને પછી તેઓએ તેમની પાસેના હથીયારોથી મારા ઘરનો દરવાજો તોડી ઘરમાં આવેલા અને તેથી હું તથા મારો નાનો છોકરો પ્રદીપ અમારો જીવ બચાવવા ધાબા ઉપરના ખંડમાં જતા રહેલા અને મારા ઘરના માણસોમાં મારી પત્નિ શકલીબેન તથા મારો છોકરો કૈલાશ તથા તેની પત્નિ નીલમ અને નાની છોકરી માનસીનાઓ બીજા માળે હતા તે પછી મે તથા મારા છોકરા પ્રદીપે અમારા ઘરે ચોર લુટારા આવ્યા છે તેવી બુમો કરેલી પરંતુ આજુબાજુથી કોઈ માણસો દોડી આવેલા નહી અને આ ચોર લુંટારા ઓએ સુથરી બોમ્બ ફોડેલા અને ઘરમાં તોડફોડ કરતા હતા તે વખતે મારા ઘરના સાઈડમાં થોડે દુર રહેતા મારો ભત્રીજો રમેશભાઈ મીઠાભાઈ ભાભોર નાઓએ તેમની લાયસન્સવાળી બંદુકમાથી ચાર ધડાકા કરેલા અને તેથી આ ચોર લુટારાઓ તેઓ તરફ ગયેલા જેથી હું તથા મારો છોકરો પ્રદીપ બન્ને જણા ધાબા ઉપરથી કુદી અમારા ઘરની પાછળ આવેલ મકાઈ વાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલા.દરમ્યાન આ ચોર લોકો અમને શોધવા બેટરીઓ મારતા હતા તે વખતે કોઈએ ૧૦૮ને ફોન કરતા સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી અને અમો અમાર ઘરે આવેલા ત્યારે મારી પત્નિ શકલીબેન તથા કૈલાશભાઈએ વાત કરેલી કે આ ચોર લોકોએ મને શરીરે માર મારી અમોને ધાક ધમકીઓ આપી અને ઘરનો સરસામાન તીજોરીઓની તોડફોડ કરેલી. આ તમામ ચોર લુંટારા ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના તથા હીન્દી, ગુજરાતી તથા સ્થાનિક બોલી તથા

ભાષામાં બોલતા હતા અને તેઓએ મોઢા બાંધેલા હતા. આ ચોર લુંટારા ઓ પાસે લોખંડની પાઈપો, તીર કામઠા તથા પત્થર જેવા મારક હથીયારો હતા. આ ચોર લુંટારા અમારા ઘરની તીજોરીઓમાંથી ખેડુતોના લોકફાળા ના આશરે ૫૦,૦૦૦/– રૂપીયા લઈ ગયેલા તથા ઘરમાંથી સોના ચાંદી ના દાગીનાની લુંટ કરી નાસી ગયેલા. ધાબા ઉપરથી કુદતી વખતે મારા બન્ને પગે મચકોડ આવી ગયેલ હતી તથા દુખાવો થતો હતો હું સારવાર માટે દાહોદ સમીર હઠીલા સાહેબના દવાખાને સારવાર માટે ગયેલો અને તે પછી બનાવ બાબતે મે ફરીયાદ આપેલી.મને નિશાની ૫/૧ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ આંક–૩૦ આપવામાં આવે છે.બનાવ બાબતે ફરીયાદ આપતા પોલીસ સ્થળ ઉપર આવેલી અને બનાવ વાળી જગ્યાનું પંચનામુ કરેલુ અને મે ગુનાવાળી જગ્યા બતાવેલી.મે કોઈ ચોર લુંટારા ઓને ઓળખેલા નહી અને મને કોઈ ચોર લુંટારા બતાવવામાં આવેતો ઓળખી શકુ નહી. આજ રોજ કોર્ટમાં હાજર આરોપીઓને મે ઓળખેલા નહી.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, ફરીયાદ કરવા માટે મારા ગામના તથા ફળીયાના આઠથી દસા માણસો આવેલા.મારી સાથે આવેલા માણસોએ પોલીસ સ્ટેશન ફરીયાદ લખાવેલી અને મને સહી કરવા કહેતા મે સહી કરેલી. પોલીસ પાછળથી મને કોઈ દિવસ બોલાવ્યો હોય અને મને કોઈ આરોપીઓ બતાવેલા હોય તેવું બનેલ નથી.

**(૧૨.૯)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ કૈલાશભાઇ સોમજીભાઇ ભાભોરની જુબાની ની ખરી નકલ આ કામે આંક–૮૬ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા બનાવ બે વર્ષ પહેલા બનેલો તે વખતે હું મારા ઘરે હતો. તે વખતે તે દિવસે રાત્રે અમો જમી પરવારી ઘરના સભ્યો સાથે દરવાજો બંધ કરી વાતો કરતા બેઠા હતા તે વખતે રાત્રીના આશરે સાડા અગીયારેક વાગ્યાના

સુમારે અમારા મકાનની આગળના ભાગે આશરે બારથી પંદર જેટલા માણસો બુમો પાડતા અને કીકીયારીઓ કરતા મોઢા ઉપર કપડા બાંધેલા ચાડડી બનીયાન ધારી માણસો આવેલા.અને તેઓ મારી નાખો તેવી બુમો પાડતા હતા અને પછી તેઓએ તેમની પાસેના હથીયારોથી મારા ઘરનો દરવાજો તોડી ઘરમાં આવેલા અને તેથી મારા પિતા તથા મારો ભાઈ પ્રદીપ તેમનો જીવ બચાવવા ધાબા ઉપરના ખંડમાં જતા રહેલા અને હું તથા મારી મા શકલીબેન તથા મારી પત્નિ નીલમ અને નાની છોકરી માનસી નાઓ બીજા માળે હતા તે વખતે આઠાથી દસ જેટલા ઈસમો અમારા રૂમમાં આવી ગયેલા અને આ ચોર લુંટારાઓના હાથમાં લાકડીઓ તથા પાઈપો તથા બંદુક જેવા હથીયારો હતા જેથી હું મારની બીકે સંતાઈ ગયેલો અને ચોર લોકો મારી મા તથા પતિને ગડદાપાટુથી તથા પાઈપોથી શરીરે માર મારવા લાગેલા અને મારી માના માથા વાળ પકડી માર મારતા મારી માતાએ તેઓને કહેલ કે બધુ ખુલ્યુ છે જે જોઈતું હોય તે લઈ જાય તેમ કહેતા ધાક ધમકી આપી અને ઘરનો સરસામાન તીજોરીઓની તોડફોડ કરી નાખેલ અને મરી માએ પહેરેલ સોનાના એરીંગ મંગળસૂત્ર છડા તથા સોનાના બુટટા કાઢી લીધેલ અને તીજોરીમાં મુકી રાખેલ બે જોડ છડા તથા સોનાનું મંગળસૂત્ર તથા સોનાની કડી તથા બે જોડ ચાંદી ના છડા તથા રોકડા રૂપીયા ૫૦,૦૦૦/- મુકેલ હતા તે કાઢી લીધો અને મારી પત્નિ તથા મારી છોકરીને પણ માર મારી તેમને પહેરેલ સોના ચાંદીના દાગીના કાઢી લીધેલા.તે વખતે મારા પિતા તથા મારા ભાઈ પ્રદીપે અમાસ ઘરે ચોર લુટારા આવ્યા છે તેવી બુમો કરેલી પરંતુ આજુ બાજુ થી કોઈ માણસો દોડી આવેલા નહી અને આ ચોર લુંટારાઓએ સુથરી બોમ્બ ફોડેલા અને ઘરમાં તોડફોડ કરતા હતા તે વખતે મારા ઘરના સાઈડમાં થોડે દુર રહેતા મારા કાકાના છોકરા રમેશભાઈ મીઠાભાઈ ભાભોર નાઓએ તેમની લાયસન્સ વાળી બંદુકમાથી ચાર ધડાકા કરેલા અને તેથી આ ચોર લુટારાઓ તેઓ તરફ ગયેલા જેથી મારા બાપા તથા મારા ભાઈ પ્રદીપ બંન્ને જણા ધાબા ઉપરથી કુદી અમારા ઘરની પાછળ આવેલ મકાઈ વાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલા. દરમ્યાન આ ચોર લોકો

તેમને શોધવા બેટરીઓ મારતા હતા તે વખતે કોઈએ ૧૦૮ને ફોન કરતા સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી. આ તમામ ચોર લુંટારા ૨૫ થી ૩૫ વર્ષની ઉમરના તથા હીન્દી, ગુજરાતી તથા સ્થાનિક બોલી તથા ભાષામાં બોલતા હતા અને તેઓએ મોઢા બાંધેલા હતા. આ ચોર લુંટારાઓ પાસે લોખંડની પાઈપો, તીર કામઠા તથા પત્થર જેવા મારક હથીયારો હતા. અને તે પછી બનાવ બાબતે મારા પિતાએ ફરીયાદ આપેલી.મે કોઈ ચોર લુંટારા ઓને ઓળખેલા નહી અને મને કોઈ ચોર લુંટારા બતાવવામાં આવેતો ઓળખી શકુ નહી.આજ રોજ કોર્ટમાં હાજર આરોપીઓને મે ઓળખેલા નહી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, મે બનાવ સમયે કોઈને જોયેલા નથી અને કોઈને ઓળખેલા નથી.પોલીસે પાછળથી મને કોઈ દિવસ બોલાવ્યો હોય અને મને કોઈ આરોપીઓ બતાવેલા હોય તેવુ બનેલ નથી.

**(૧૨.૧૦)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ નીલમબેન કૈલાશભાઈ ભાભોરની જુબાનીની ખરી નકલ આ કામે આંક-૮૭ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા બનાવ બે વર્ષ પહેલા બનેલો તે વખતે હું મારા ઘરે હતી.તે વખતે તે દિવસે રાત્રે અમો જમી પરવારી ઘરના સભ્યો સાથે દરવાજો બંધ કરી વાતો કરતા બેઠા હતા તે વખતે રાત્રીના આશરે સાડા અગીયારેક વાગ્યાના સુમારે અમારા મકાનની આગળના ભાગે આશરે બારથી પંદર જેટલા માણસો બુમો પાડતા અને કીકીયારીઓ કરતા મોઢા ઉપર કપડા બાંધેલા ચડડી બનીયાન ધારી માણસો આવેલા.અને તેઓ મારી નાખો તેવી બુમો પાડતા હતા અને પછી તેઓએ તેમની પાસેના હથીયારોથી મારા ઘરનો દરવાજો તોડી ઘરમાં આવેલા અને તેથી મારા સસરા તથા મારો દેવર પ્રદીપ તેમનો જીવ બચાવવા ધાબા ઉપરના ખંડમાં જતા રહેલા અને હું તથા મારી સાસુ શકલીબેન તથા મારા પતિ અને નાની છોકરી માનસીનાઓ બીજા માળે હતા તે વખતે આઠથી દસ જેટલા ઈસમો અમારા રૂમમાં આવી ગયેલા અને આ ચોર લુંટારાઓના હાથમાં લાકડીઓ તથા પાઈપો તથા બંદુક જેવા

હથીયારો હતા જેથી મારા પતિ મારની બીકે સંતાઈ ગયેલ અને ચોર લોકો મારી સાસુ તથા મને ગડદાપાટુથી તથા પાઈપોથી શરીરે માર મારવા લાગેલા અને મારી સાસુના માથા વાળ પકડી માર મારતા મારી સાસુએ તેઓને કહેલ કે બધુ ખુલ્લુ છે જે જોઈતુ હોય તે લઈ જાવ તેમ કહેતા ધાક ધમકી આપી અને ઘરનો સરસામાન તીજોરીઓની તોડફોડ કરી નાખેલ અને મારી સાસુએ પહેરેલ સોનાના એરીંગ મંગળસૂત્ર છડા તથા સોનાના બુટટા કાઢી લીધેલ અને તીજોરીમાં મુકી રાખેલ બે જોડ છડા તથા સોનાનું મંગળસૂત્ર તથા સોનાની કડી તથા બે જોડ ચાંદીના છડા તથા રોકડા રૂપીયા ૫૦,૦૦૦/- મુકેલ હતા તે કાઢી લીધેલા અને મને તથા મારી છોકરીને પણ માર મારી અમે પહેરેલ સોના ચાંદીના દાગીના કાઢી લીધેલા તે વખતે મારા સસરા તથા મારા દિયર પ્રદીપે અમારા ઘરે ચોર લુટારા આવ્યા છે તેવી બુમો કરેલી પરંતુ આજુબાજુથી કોઈ માણસો દોડી આવેલા નહી અને આ ચોર લુંટારાઓએ સુથરી બોમ્બ ફોડેલા અને ઘરમાં તોડફોડ કરતા હતા તે વખતે મારા ઘરના સાઈડમાં થોડે દુર રહેતા મારા મોટા બાપાના છોકરા રમેશભાઈ મીઠાભાઈ ભાભોર નાઓએ તેમની લાયસન્સ વાળી બંદુકમાથી ચાર ધડાકા કરેલા અને તેથી આ ચોર લુટારા ઓ તેઓ તરફ ગયેલા જેથી મારા સાસુ તથા મારા દિયર પ્રદીપ બન્ને જણા ધાબા ઉપરથી કુદી અમારા ઘરની પાછળ આવેલ મકાઈ વાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલા. દરમ્યાન આ ચોર લોકો તેમને શોધવા બેટરીઓ મારતા હતા તે વખતે કોઈએ ૧૦૮ ને ફોન કરતા સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી. આ તમામ ચોર લુંટારા ૨૫ થી ૩૫ વર્ષની ઉમરના તથા હીન્દી, ગુજરાતી તથા સ્થાનિક બોલી તથા ભાષામાં બોલતા હતા અને તેઓએ મોઢા બાંધેલા હતા. આ ચોર લુંટારાઓ પાસે લોખંડની પાઈપો, તીર કામઠા તથા પત્થર જેવા મારક હથીયારો હતા. અને તે પછી બનાવ બાબતે મારા સસરાએ ફરીયાદ આપેલી. મે કોઈ ચોર લુંટારાઓને ઓળખેલા નહી અને મને કોઈ ચોર લુંટારા બતાવવામાં આવેતો ઓળખી શકુ નહી.આજ રોજ કોર્ટમાં હાજર આરોપીઓને મે ઓળખેલા નહી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, મે બનાવ સમયે કોઈને જોયેલા નથી અને કોઈને ઓળખેલા નથી.પોલીસે પાછળથી મને કોઈ દિવસ બોલાવ્યો હોય અને મને કોઈ આરોપીઓ બતાવેલા હોય તેવુ બનેલ નથી.

**(૧૨.૧૧)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ શકલીબેન સોમજીભાઈ ભાભોરની જુબાની ની ખરી નકલ આ કામે આંક–૮૮ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા બનાવ બે વર્ષ પહેલા બનેલો તે વખતે હું મારા ઘરે હતી.તે વખતે તે દિવસે રાત્રે અમો જમી પરવારી ઘરના સભ્યો સાથે દરવાજો બંધ કરી વાતો કરતા બેઠા હતા તે વખતે રાત્રીના આશરે સાડાઅગીયારેક વાગ્યાના સુમારે અમારા મકાનની આગળના ભાગે આશરે બારથી પંદર જેટલા માણસો બુમો પાડતા અને કીકીયારીઓ કરતા મોઢા ઉપર કપડા બાંધેલા ચડડી બનીયાન ધારી માણસો આવેલા.અને તેઓ મારી નાખો તેવી બુમો પાડતા હતા અને પછી તેઓએ તેમની પાસેના હથીયારોથી મારા ઘરનો દરવાજો તોડી ઘરમાં આવેલા અને તેથી મારા પતિ તથા મારો છોકરો પ્રદીપ તેમનો જીવ બચાવવા ધાબા ઉપરના ખંડમાં જતા રહેલા અને હું તથા મારા છોકરા ની વહુ નીલમબેન તથા મારો છોકરો કૈલાશ અને તેની નાની છોકરી માનસીનાઓ બીજા માળે હતા તે વખતે આઠથી દસ જેટલા ઈસમો અમારા રૂમમાં આવી ગયેલા અને આ ચોર લુંટારા ઓના હાથમાં લાકડીઓ તથા પાઈપો તથા બંદુક જેવા હથીયારો હતા જેથી મારો છોકરો કૈલાશ માર ની બીકે સંતાઈ ગયેલ અને ચોર લોકો મને તથા મારી વહુને ગડદાપાટુથી તથા પાઈપોથી શરીરે માર મારવા લાગેલા અને મારા માથાના વાળ પકડી માર મારતા મે તેઓને કહેલ કે બધુ ખુલ્લુ છે જે જોઈતુ હોય તે લઈ જાવ તેમ કહેતા ધાક ધમકી આપી અને ઘરનો સરસામાન તીજોરી ઓની તોડ ફોડ કરી નાખેલ અને મે પહેરેલ સોનાના એરીંગ મંગળસૂત્ર છડા તથા સોનાના બુટટા કાઢી લીધેલ અને તીજોરીમાં મુકી રાખેલ બે જોડ છડા તથા સોનાનું મંગળસૂત્ર તથા સોનાની કડી તથા બે જોડ ચાંદીના છડા તથા રોકડા રૂપીયા ૫૦,૦૦૦/– મુકેલ હતા તે કાઢી લીધેલા અને મારી

વહુ તથા મારા છોકરાની છોકરીને પણ માર મારી અમે પહેરેલ સોનાચાંદીના દાગીના કાઢી લીધેલા. તે વખતે મારા પતિ તથા મારો છોકરો પ્રદીપે અમારા ઘરે ચોર લુટારા આવ્યા છે તેવી બુમો કરેલી પરંતુ આજુબાજુથી કોઈ માણસો દોડી આવેલા નહી અને આ ચોર લુંટારાઓએ સુથરી બોમ્બ ફોડેલા અને ઘરમાં તોડફોડ કરતા હતા તે વખતે મારા ઘરના સાઈડમાં થોડે દુર રહેતા મારા જેઠ ના છોકરા રમેશભાઈ મીઠાભાઈ ભાભોરનાઓએ તેમની લાયસન્સવાળી બંદુકમાથી ચાર ધડાકા કરેલા અને તેથી આ ચોર લુટારાઓ તેઓ તરફ ગયેલા જેથી મારા પતિ તથા મારા છોકરા પ્રદીપ બન્ને જણા ધાબા ઉપરથી કુદી અમારા ઘરની પાછળ આવેલ મકાઈ વાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલા. દરમ્યાન આ ચોર લોકો તેમને શોધવા બેટરીઓ મારતા હતા તે વખતે કોઈએ ૧૦૮ને ફોન કરતા સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી. આ તમામ ચોર લુંટારા ૨૫ થી ૩૫ વર્ષની ઉમરના તથા હીન્દી, ગુજરાતી તથા સ્થાનિક બોલી તથા ભાષામાં બોલતા હતા અને તેઓએ મોઢા બાંધેલા હતા. આ ચોર લુંટારાઓ પાસે લોખંડની પાઈપો, તીર કામઠા તથા પત્થર જેવા મારક હથીયારો હતા. અને તે પછી બનાવ બાબતે મારા સસરાએ ફરીયાદ આપેલી. મે કોઈ ચોર લુંટારાઓને ઓળખેલા નહી અને મને કોઈ ચોર લુંટારા બતાવવામાં આવેતો ઓળખી શકુ નહી.આજ રોજ કોર્ટમાં હાજર આરોપીઓને મે ઓળખેલા નહી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામા આવતા એ વાત ખરી છે કે, મે બનાવ સમયે કોઈને જોયેલા નથી અને કોઈને ઓળખેલા નથી.પોલીસે પાછળથી મને કોઈ દિવસ બોલાવ્યો હોય અને મને કોઈ આરોપીઓ બતાવેલા હોય તેવુ બનેલ નથી.

**(૧૨.૧૨)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ પ્રદીપભાઈ સોમજીભાઈ ભાભોરની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૮૯ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા હું આણંદ ખાતે એસ.વાય.બી.એસ.સીમાં અભ્યાસ કરતો હતો અને જન્માષ્ટમીના તહેવાર પર રજા હોય હું ઘરે આવેલો. બનાવ બે વર્ષ પહેલા

બનેલો તે વખતે હું મારા ઘરે હતો.ગઈ તારીખ ૨૬/૦૮/૨૦૧૬ના રોજ મારા ઘરે લુંટ થયેલી તે દિવસે રાત્રે અમો જમી પરવારી ઘરના સભ્યો સાથે દરવાજો બંધ કરી વાતો કરતા બેઠા હતા તે વખતે રાત્રીના આશરે સાડા અગીયારેક વાગ્યાના સુમારે અમારા મકાનની આગળના ભાગે આશરે બાર થી પંદર જેટલા માણસો બુમો પાડતા અને કીકીયારીઓ કરતા મોઢા ઉપર કપડા બાંધેલા ચડડી બનીયાનધારી માણસો આવેલા અને તેઓ મારી નાખો તેવી બુમો પાડતા હતા અને પછી તેઓએ તેમની પાસેના હથીયારો થી મારા ઘરનો દરવાજો તોડી ઘરમાં આવેલા અને તેથી હું તથા મારા પિતા અમારો જીવ બચાવવા ધાબા ઉપરના ખંડમાં જતા રહેલા અને મારા ઘરના માણસોમાં મારી મા શકલીબેન તથા મારો ભાઈ કૈલાશ તથા તેની પત્નિ નીલમ અને નાની છોકરી માનસીનાઓ બીજા માળે હતા તે પછી મે તથા મારા પિતાએ અમારા ઘરે ચોર લુટારા આવ્યા છે તેવી બુમો કરેલી પરંતુ આજુબાજુથી કોઈ માણસો દોડી આવેલા નહી અને આ ચોર લુંટારા ઓએ સુતળી બોમ્બ ફોડેલા અને ઘરમાં તોડફોડ કરતા હતા તે વખતે મારા ઘરના સાઈડમાં થોડે દુર રહેતા મારા કાકાનો છોકરો રમેશભાઈ મીઠાભાઈ ભાભોરનાઓએ તેમની લાયસન્સ વાળી બંદુકમાથી ચાર ધડાકા કરેલા અને તેથી આ ચોર લુટારાઓ તેઓ તરફ ગયેલા જેથી હું તથા મારા પિતા બન્ને જણા ધાબા ઉપરથી કુદી અમારા ઘરની પાછળ આવેલ મકાઈ વાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલા, દરમ્યાન આ ચોર લોકો અમને શોધવા બેટરીઓ મારતા હતા તે વખતે કોઈએ ૧૦૮ ને ફોન કરતા સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી અને અમો અમાર ઘરે આવેલા ત્યારે મારી માં શકલીબેન તથા કૈલાશભાઈએ વાત કરેલી કે આ ચોર લોકોએ મને શરીરે માર મારી અમોને ધાક ધમકીઓ આપી અને ઘરનો સરસામાન તીજોરીઓની તોડફોડ કરેલી. આ તમામ ચોર લુંટારા ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના તથા હીન્દી, ગુજરાતી તથા સ્થાનિક બોલી તથા ભાષામાં બોલતા હતા. અને તેઓએ મોઢા બાંધેલા હતા. આ ચોર લુંટારાઓ પાસે લોખંડની પાઈપો, તીર કામઠા તથા પત્થર જેવા મારક હથીયારો હતા. આ ચોર લુંટારા અમારા ઘરની તીજોરીઓમાંથી ખેડુતોના લોકફાળાના આશરે

૫૦,૦૦૦/– રૂપીયા લઈ ગયેલા તથા ઘરમાંથી સોના ચાંદીના દાગીના ની લુંટ કરી નાસી ગયેલા. ધાબા ઉપરથી કુદતી વખતે મારા પિતાને બન્ને પગે મચકોડ આવી ગયેલ હતી તથા દુખાવો થતો હોઈ તેઓને સારવાર માટે દાહોદ સમીર હઠીલા સાહેબના દવાખાને સારવાર માટે ગયેલા અને તે પછી બનાવ બાબતે મારા પિતાએ ફરીયાદ આપેલી. મે કોઈ ચોર લુંટારા ઓને ઓળખેલા નહી અને મને કોઈ ચોર લુંટારા બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી. આજ રોજ કોર્ટમાં હાજર આરોપીઓને મે ઓળખેલા નહી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, મે બનાવ સમયે કોઈને જોયેલા નથી અને કોઈને ઓળખેલા નથી.પોલીસે પાછળથી મને કોઈ દિવસ બોલાવ્યો હોય અને મને કોઈ આરોપીઓ બતાવેલા હોય તેવુ બનેલ નથી.

**(૧૨.૧૩)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ હીરાભાઇ પરથીભાઇ ભાભોરની જુબાનીની ખરી નકલ આ કામે આંક–૯૦ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા સોમજીભાઈ મારા ભાઈ થાય છે અને તેમના ઘરે ચોરી થયેલી અને તેમના ઘરે તારીખ ૨૬/૦૮/૨૦૧૬માં રાત્રીના સમયમાં થયેલી. તે વખતે હું મારા ઘરે હતો. અને તે વખતે અચાનક રાત્રીના સમયે મારા ભાઈના ઘર બાજુ બુમા બુમ થતા હું જાગી ગયેલો અને તેવામાં બંદુકના ભડાકાના અવાજ સાંભળીને હું ગભરાઈ ગયેલો અને મને મારી નાખશે તેવી બીકથી હું તથા મારા ઘરના માણસો બહાર નીકળેલા નહી અને તે પછી પોલીસ આવી જતા ઘરની બહાર નીકળેલા અને મારા ભાઈ સોમજીભાઈના ઘરે ગયેલા અને તેમને પુછેલ તો તેમને જણાવેલુ કે, રાત્રે અમો જમી પરવારી ઘરના સભ્યો સાથે દરવાજો બંધ કરી વાતો કરતા બેઠા હતા તે વખતે રાત્રી ના આશરે સાડા અગીયારેક વાગ્યાના સુમારે અમારા મકાનની આગળના ભાગે આશરે બારથી પંદર જેટલા માણસો બુમો પાડતા અને કીકીયારીઓ કરતા મોઢા ઉપર કપડા બાંધેલા ચડડી બનીયાન ધારી માણસો આવેલા અને તેઓ મારી નાખો તેવી બુમો પાડતા હતા અને પછી તેઓએ તેમની

પાસેના હથીયારોથી મારા ઘરનો દરવાજો તોડી ઘરમાં આવેલા અને તેથી હું તથા મારો નાનો છોકરો પ્રદીપ અમારો જીવ બચાવવા ધાબા ઉપરના ખંડમાં જતા રહેલા અને મારા ઘરના માણસોમાં મારી પત્નિ શકલીબેન તથા મારો છોકરો કૈલાશ તથા તેની પત્નિ નીલમ અને નાની છોકરી માનસી નાઓ બીજા માળે હતા તે પછી મે તથા મારા છોકરા પ્રદીપે અમારા ઘરે ચોર લુટારા આવ્યા છે તેવી બુમો કરેલી પરંતુ આજુબાજુથી કોઈ માણસો દોડી આવેલા નહી અને આ ચોર લુંટારાઓએ સુથરી બોમ્બ ફોડેલા અને ઘરમાં તોડફોડ કરતા હતા તે વખતે મારા ધાના. સાઈડમાં થોડે દુર રહેતા મારો ભત્રીજો ચોશભાઈ મીઠાભાઈ ભાભોર નાઓએ તેમની લાયસન્સ વાળી બંદુકમાથી ચાર ધડાકા કરેલા અને તેથી આ ચોર લુટારા ઓ તેઓ તરફ ગયેલા જેથી હું તથા મારો છોકરો પ્રદીપ બન્ને જણા ધાબા ઉપરથી કુદી અમારા ઘરની પાછળ આવેલ મકાઈ વાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલા. દરમ્યાન આ ચોર લોકો અમને શોધવા બેટરીઓ મારતા હતા તે વખતે કોઈએ ૧૦૮ ને ફોન કરતા સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી અને અમો અમાર ઘરે આવેલા ત્યારે મારી પત્નિ શકલીબેન તથા કૈલાશભાઈએ વાત કરેલી કે આ ચોર લોકોએ મને શરીરે માર મારી અમોને ધાક ધમકીઓ આપી અને ઘરનો સરસામાન તીજોરીઓની તોડફોડ કરેલી આ તમામ ચોર લુંટારા ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના તથા હીન્દી, ગુજરાતી તથા સ્થાનિક બોલી તથા ભાષામાં બોલતા હતા અને તેઓએ મોઢા બાંધેલા હતા. આ ચોર લુંટારાઓ પાસે લોખંડની પાઈપો, તીર કામઠા તથા પત્થર જેવા મારક હથીયારો હતા. આ ચોર લુંટારા અમારા ઘરની તીજોરી ઓમાંથી ખેડુતોના લોક ફાળાના આશરે ૫૦,૦૦૦/–રૂપીયા લઈ ગયેલા તથા ઘરમાંથી સોના ચાંદીના દાગીનાની લુંટ કરી નાસી ગયેલા. ધાબા ઉપરથી કુદતી વખતે મારા બન્ને પગે મચકોડ આવી ગયેલ હતી તથા દુખાવો થતા મારો ભાઈ સારવાર માટે દાહોદ સમીર હઠીલા સાહેબના દવાખાને અને તે પછી બનાવ બાબતે મારા ભાઈએ ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો અને અંધારૂ હતુ. મે કોઈ ચોર લુંટારાઓએ ઓળખેલા નહી અને દેખેલા પણ નહીં. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી.

**(૧૨.૧૪)** ફરિયાદ પક્ષે સદર ગુનાના કામના સેશન્સ કેસ નં.૧૪૫ / ૨૦૧૭ ના કામે થયેલ સાહેદ રાજેશભાઈ જવસીંગભાઈ ભાભોરની જુબાની ની ખરી નકલ આ કામે આંક–૯૧ થી રજુ કરેલ છે. તેઓના પુરાવો જોતા સોમજીભાઈ મારા કાકા થાય છે અને તેમના ઘરે ચોરી થયેલી અને તેમના ઘરે તારીખ ૨૬/૦૮/૨૦૧૬માં રાત્રીના સમયમાં થયેલી. તે વખતે હું મારા ઘરે હતો.અને તે વખતે અચાનક રાત્રીના સમયે મારા કાકાના ઘર બાજુ બુમાબુમ થતા હું જાગી ગયેલો અને તેવામાં બંદુકના ભડાકાના અવાજ સાંભળીને હું ગભરાઈ ગયેલો અને મને મારી નાખશે તેવી બીકથી હું તથા મારા ઘરના માણસો બહાર નીકળેલા નહી અને તે પછી પોલીસ આવી જતા ઘરની બહાર નીકળેલા અને મારા કાકા સોમજીભાઈના ઘરે ગયેલા.અને તેમને પુછેલ તો તેમને જણાવેલુ કે,''રાત્રે અમો જમી પરવારી ઘરના સભ્યો સાથે દરવાજો બંધ કરી વાતો કરતા બેઠા હતા તે વખતે રાત્રી ના આશરે સાડા અગીયારેક વાગ્યાના સુમારે અમારા મકાનની આગળના ભાગે આશરે બારથી પંદર જેટલા માણસો બુમો પાડતા અને કીકીયારીઓ કરતા મોઢા ઉપર કપડા બાંધેલા ચડડી બનીયાન ધારી માણસો આવેલા અને તેઓ મારી નાખો તેવી બુમો પાડતા હતા અને પછી તેઓએ તેમની પાસેના હથીયારોથી મારા ઘરનો દરવાજો તોડી ઘરમાં આવેલા અને તેથી હું તથા મારો નાનો છોકરો પ્રદીપ અમારો જીવ બચાવવા ધાબા ઉપરના ખંડમાં જતા રહેલા અને મારા ઘરના માણસોમાં મારી પત્નિ શકલીબેન તથા મારો છોકરો કૈલાશ તથા તેની પત્નિ નીલમ અને નાની છોકરી માનસી નાઓ બીજા માળે હતા તે પછી મે તથા મારા છોકરા પ્રદીપે અમારા ઘરે ચોર લુટારા આવ્યા છે તેવી બુમો કરેલી પરંતુ આજુબાજુથી કોઈ માણસો દોડી આવેલા નહી અને આ ચોર લુંટારાઓએ સુથરી બોમ્બ ફોડેલા અને ઘરમાં તોડફોડ કરતા હતા તે વખતે મારા ઘરના સાઈડમાં

થોડે દુર રહેતા રમેશભાઈ મીઠાભાઈ ભાભોરનાઓએ તેમની લાયસન્સ વાળી બંદુકમાંથી ચાર ધડાકા કરેલા અને તેથી આ ચોર લુટારાઓ તેઓ તરફ ગયેલા જેથી હું તથા મારો છોકરો પ્રદીપ બન્ને જણા ધાબા ઉપરથી કુદી અમારા ઘરની પાછળ આવેલ મકાઈ વાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલા. દરમ્યાન આ ચોર લોકો અમને શોધવા બેટરીઓ મારતા હતા તે વખતે કોઈએ ૧૦૮ ને ફોન કરતા સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી અને અમો અમાર ઘરે આવેલા ત્યારે મારી પત્નિ શકલીબેન તથા કૈલાશભાઈએ વાત કરેલી કે આ ચોર લોકોએ મને શરીરે માર મારી અમોને ધાક ધમકી ઓ આપી અને ઘરનો સરસામાન તીજોરીઓની તોડફોડ કરેલી. આ તમામ ચોર લુંટારા ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના તથા હીન્દી, ગુજરાતી તથા સ્થાનિક બોલી તથા ભાષામાં બોલતા હતા અને તેઓએ મોઢા બાંધેલા હતા.આ ચોર લુંટારાઓ પાસે લોખંડની પાઈપો, તીર કામઠા તથા પત્થર જેવા મારક હથીયારો હતા. આ ચોર લુંટારા અમારા ઘરની તીજોરી ઓમાંથી ખેડુતોના લોક ફાળાના આશરે ૫૦,૦૦૦/-રૂપીયા લઈ ગયેલા તથા ઘરમાંથી સોના ચાંદીનાના દાગીનાની લુંટ કરી નાસી ગયેલા. ધાબા ઉપરથી કુદતી વખતે મારા બન્ને પગે મચકોડ આવી ગયેલ હતી." દુખાવો થતા મારા કાકા સારવાર માટે દાહોદ સમીર હઠીલા સાહેબના દવાખાને ગયેલા અને તે પછી બનાવ બાબતે મારા કાકાએ ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો અને અંધારૂ હતુ. મે કોઈ ચોર લુંટારાઓએ ઓળખેલા નહી અને દેખેલા પણ નહી. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી.

**(૧૨.૧૫)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૨ તરીકે પંચ સાહેદ મીઠીયાભાઈ છત્રાભાઈ મોહનીયાને આંક-૧૦૪ થી તથા સાહેદ નં.૩ તરીકે પંચ સાહેદ નરસુભાઈ બાદર ભાઈ મોહનીયાને આંક-૧૦૫ થી સોગંદ ઉપર તપાસવા માં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે પોલીસે તેઓની લખેલા કાગળમા સહી લીધેલી તેમા શુ લખેલ હતુ તેની

મને ખબર નથી. તેમ જણાવી આંક–૧૦૫ થી રજુ શોધના પંચનામામા માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે.અને વીગત વાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થન કારી કોઈ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૨.૧૬)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે ત.ક.અમલદાર ભરતકુમાર ગંગારામ રાવલને આંક–૯૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે હું તા. ૨૭/૦૮ / ૧૬ ના રોજ ધાનપુર પો. સ્ટે. ખાતે પી.એસ.આઈ. તરીકે મારી ફરજ પર હતો તે વખતે ફરીયાદી સોમજીભાઈ પરથીભાઈ ભાભોર રહે. કાકડખીલા નાએ મારી રૂબરૂ આવીને ફરીયાદ આપેલી અને તેમની ફરીયાદની હકીકત ટું કમાં એવી હતી કે, તા. ૨૬/૦૮/૧૬ ના રોજ કલાક ૨૩:૩૦ વાગ્યે કાકડખીલા ગામે ફરીયાદીના ઘરે આ કામના આરોપીઓએ બંદુક, પાઈપ તથા પત્થર જેવા મારક હથીયારો સાહેદોને આપી, સાહેદણ સતલીબેન નાઓને શરીરે ગડદાપાટુનો માર મારી તીજોરી, કબાટ વિગેરેની તોડફોડ કરી રૂા. ૫૦,૦૦૦/– તથા સોના ચાંદીના દાગીનાઓની લૂંટ કરી નાસી જઈ ગુનો કર્યા અંગની વિગતવાર ફરીયાદ મારા રૂબરૂ લખાવતા તેઓના લખાવ્યા મુજબની મે લખી લીધેલી અને ગુનો રજીસ્ટર થવા માટે મોકલતા પી.એસ.ઓ.એ ધાનપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૮૦/૧૬ ઈ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭, તથા આર્મ્સ એકટ ની કલમ ૨૫(૧)બી એ મુજબ નો ગુનો રજીસ્ટર કરી તપાસ માટે મારી તરફ મોકલતા મે આગળની તપાસ સંભાળેલી. મને આંક–૭૬ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે સોમજીભાઈ પરથીભાઈ ભાભોર નાઓની સહી છે તથા રૂબરૂમાં મારી સહી છે. જે હું ઓળખુ છુ. તપાસના કામે મે ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે તટસ્થ પંચોની હાજરીમાં ફરીયાદીએ બતાવ્યા મુજબ નું કરેલુ. મને આંક–૨૩ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે તે વિગતવારના પંચનામાની નીચે પંચ નં.૧ તરીકે રામસીંગભાઈ

પરથીભાઈ ભાભોર તથા પંચ નં.૨ તરીકે ભાવસીગભાઈ કાનજીભાઈ ભાભોર નાઓની સહી છે અને રૂબરૂમાં મારી સહી છે જે હું ઓળખુ છુ. તપાસના કામે સ્થળ પરિક્ષણ માટે એફ.એસ.એલ. યુનીટ દાહોદ નાઓને બોલાવેલા અને સ્થળ પરથી તેઓની સુચના મુજબ મુદ્દામાલ તપાસ અર્થે બે તટસ્થ પંચોની હાજરીમાં કબજે લેવામાં આવેલો જેમાં ચાર ફુટેલા કારતુસના ખોખા તથા લોહીના કોટનના પુમડામાં એફ.એસ.એલ. માટે લીધેલા તથા સાહેદ રમેશભાઈ મીઠાભાઈ ભાભોર નાઓએ બનાવ સમયે ચોર લૂંટારાઓને ભગાડવા માટે પોતાની લાઈસન્સ વાળી બંદુકમાંથી ફાયરીંગ કરેલ જે બંદુક એફ.એસ.એલ. પરીક્ષણ માટે રજુ કરેલી અને તે અંગેનુ વિગતવાર પંચનામુ કરવામા આવેલુ.મને આંક–૨૭ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે.જેમાં પંચ નં. ૧ તરીકે ગુલાબભાઈ સોમાભાઈ બામણીયા તથા પંચ નં. ૨ તરીકે દીતાભાઈ મંગળાભાઈ ભુરીયા નાઓની સહી છે તથા રૂબરૂમાં મારી સહી છે. જે હું ઓળખુ છુ.તપાસના કામે મે આરોપી નરેશ મોહન ભુરીયા તથા મુકેશ દરીયા પસાયા ના ઓને અટક કરેલા.તપાસના કામે એફ.એસ.એલ. દાહોદનો પ્રાથમિક અહેવાલ સામેલ રાખેલ છે.તપાસના કામે મે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તે નિવેદનો તેઓના લખાવ્યા મુજબના વિગતવારના લખી લીધેલા. સદર ચાર્જશીટમાં મેં નાસતાફરતા આરોપી તરીકે (૧) રામચંદભાઈ પરમાર રહે.પીપળીધરા ભાણપુર, (૨) સુભાષભાઈ પુનીયાભાઈ ભુરીયા રહે.વાંસીયાડુંગરી, (૩) મુકેશ પુનીયાભાઈ ભુરીયા રહે.વાંસીયાડુંગરી, (૪) નિલેશભાઈ નગરાભાઈ ભાભોર રહે.મોટીમલુ, (૫) મુકેશભાઈ ભીમલાભાઈ વહોનીયા રહે.નાનીમલુ, (૬) કાજુભાઈ માનસીંગ ભુરીયા રહે.ધનાર પાટીયા, (૭) અબુભાઈ ભાભોર રહે.ખેડાફળીયા કાકડબીલા, (૮) કરણભાઈ મલાભાઈ હઠીલા રહે.મંડોર, (૯) રમેશભાઈ ગોહીલ રહે.ગાંગરડી ફળીયું કાકડખીલા નાઓને દર્શાવેલ હતા.

સદર સાહેદની બચાવ પક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવા મા આવતા એ વાત ખરી નથી કે, પંચોના લખાવ્યા મુજબ પંચનામુ કરેલુ

નહી. એ વાત ખરી નથી કે સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો નોંધેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ સામે ખોટી તપાસ કરેલી છે.

**(૧૩) પુરાવાકીય મુલ્યાંકન :–**

**(૧૩.૧)** પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટે ધ્યાનમાં રાખવાના માર્ગદર્શક સિધ્ધાંતોની ચર્ચા અવારનવાર નામદાર સર્વોચ્ચ અદાલતે તથા નામદાર વડી અદાલતે અનેક વિવિધ ચુકાદાઓમાં કરેલ છે તે મુજબ અને ન્યાય શાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત પુરવાર કરવાનો છે અને ફરિયાદ પક્ષ જયાં સુધી આરોપી સામે નો આક્ષેપીત ગુનો પુરવાર ના કરે ત્યાં સુધી આરોપી ગુનેગાર નથી તેવું કોર્ટે માની લેવાનું છે.એટલું જ નહી પરંતુ ફરિયાદ પક્ષના પુરાવામાં સહેજ પણ શંકા કે ત્રુટી જણાઈ તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે. એવીડન્સ એકટની કલમ–૧૦૧ થી ૧૧૦ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે. આરોપીના નબળા બચાવનો ફરિયાદ પક્ષ લાભ મેળવી શકવાને પાત્ર ઠરતા નથી કે આરોપી પોતાના વિરૂધ્ધ પુરાવો આપવા જવાબદાર ઠરતા નથી. સમગ્ર ટ્રાયલ દરમ્યાન આરોપી મૌન રહેવા માટે પણ અધિકાર ધરાવે છે અને સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરતા એક કરતા વધુ વ્યુહ જણાઈ આવતા હોય તો હંમેશા આરોપીની તરફેણના વ્યુહને અપનાવાવાનો છે, તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે સિધ્ધાંતને નજર સમક્ષ રાખી હાથ ઉપરના કેસના પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૧૩.૨)** પ્રત્યેક ગુન્હામાં બે મહત્વની બાબત હંમેશા પુરવાર કરવા ની હોય છે. ગુન્હો બન્યો છે તેવી હકીકત પ્રથમ પુરવાર થવી જોઈએ તથા કોણે ગુન્હો કર્યો છે તેવી હકીકત ત્યાર બાદ પુરવાર થવી જોઈએ. ફોજદારી કાર્યવાહીમાં ઓળખને લગતો પ્રશ્ન મોટા ભાગે મહત્વનો ભાગ ભજવે છે. જયારે સાહેદો બનાવ પહેલાંથી જ આરોપીને ઓળખતા હોય અથવા બનાવ સમયે તત્કાળ જ આરોપીને અટક કરવામાં આવ્યા હોય ત્યારે આરોપીની ઓળખ પુરવાર કરવી આવશ્યક નથી. મોટે ભાગે લુંટના

કિસ્સામાં ઓળખનો પ્રશ્ન મહત્વનો બની રહે છે.તેમાં પણ અજવાળું ઓછું હોય તેવા સમયે બનતા ગુન્હામાં આરોપીની ઓળખ ગુંચવણભર્યો પ્રશ્ન ખડો કરે છે અને તપાસ માટે પડકારરૂપ હોય છે.આવા કિસ્સામાં શક પર થી વ્યકિતને અટક કરવામાં આવી હોવાના કારણે વાસ્તવમાં તે જ વ્યકિત ગુન્હો આચરનાર છે કે કેમ તે નકકી કરવાનું હોય છે. ગુન્હાના સમય દરમ્યાન દિવસનું અજવાળું હતું કે રાત્રિનો અંધકાર હતો ? ગુન્હો કરનાર અને સાહેદ વચ્ચેનું અંતર તથા એકબીજાને ઓળખવા–જોવા માટે મળેલી તક અથવા તો પુરતો સમય મળેલ હતો કે કેમ ? આવા પાસા ઓને નિર્ણય પર આવવા માટે લક્ષમાં લેવા જોઈએ.

**(૧૩.૩)** આ કામે રજુ થયેલા તમામ પુરાવાનું ઝીણવટપુર્વક અવલોકન કરવામાં આવે તો આ કામે ફરિયાદ પક્ષના તમામ સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોતા તેઓએ બનાવમાં આ કામના ફરીયાદી સોમજીભાઈ પરથીભાઈ ભાભોરના ઘરે લૂંટ થયાની હકીકતને તથા સદર બનાવમા સાહેદોને માર મારી ધમકી આપ્યાની હકીકતોને સમર્થન આપેલ છે. જો કે, સદર સાહેદોની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે બનાવ રાત્રીના સમયે બનેલો તથા ચોર લુટારુઓ આવ્યા ત્યારે સદર ચોર લુટારુઓએ તેઓના મોઢા ઉપર કપડા બાંધેલા હોય તેઓએ ચોર લૂંટારુંઓને જોએલા નહી કે ઓળખેલા નહીં કે, અત્યારે પણ તેઓ આરોપીઓને ઓળખી શકે તેમ નથી તથા સદર આરોપીની ભોગ બનનાર સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી.

આમ સદર સાહેદોની જુબાનીમાંથી હાલના આરોપીની ઓળખ પ્રસ્થાપિત થતી નથી. આમ, સાહેદોની જુબાનીમાંથી સદર આરોપીની ઓળખ અંગેનો કોઈ પુરાવો આવતો નથી. આ સંજોગોમાં સાહેદોએ હાલ ના આરોપીને ઓળખેલ હોય તેવી હકીકત સ્પષ્ટ થતી નથી. આમ બનાવ ના નજરે જોનાર તથા ભોગ બનનાર સાહેદો જ પોતાની જુબાનીમાં ચોર લુંટારાઓમાં હાલના આરોપી સામેલ હતા તે બાબતે કોઈ જ માનવા લાયક પુરાવો રજુ કરતા નથી અને તેઓએ હાલના આરોપીને ઓળખેલ

નથી. આમ કામના આરોપીને ઓળખી બતાવેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદોની જુબાનીમાંથી ફલીત થતી નથી. આમ આ કામના સાહેદો ની જુબાનીમાંથી ફરિયાદમાં જણાવેલ ચીજવસ્તુઓની માત્ર લૂંટ થયેલ છે તેટલી જ હકીકતને માની શકાય પરંતુ આ ફરીયાદી સાહેદોની જુબાનીથી ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ હાલના કામના આરોપીએ જ લુંટ કરી ગુનો કરેલાની હકીકતને ની:શંકપણે માની શકાય નહી કારણકે આ સાહેદો પોતાની સરતપાસમાં માત્ર લુંટ થયેલાની હકીકત જણાવે છે, પરંતુ આ લુંટ કોણે કરેલ તથા બનાવ સમયે હાલના આરોપીએ ભોગ બનનાર ઈસમોને જાનથી મારી નાખવાની કોઇ ધમકી આપેલ હોય તે બાબતે પોતાની જુબાનીમાં કોઇ ઠોસ પુરાવો રજૂ કરતા નથી. તે ઉપરાંત હાલના આરોપી પાસેથી લૂંટમાં ગયેલ મુદામાલ કબજે કરવામાં આવેલ હોય તેવી પણ કોઇ હકીકત પૂરવાર થયેલ નથી.જેથી તેઓની જુબાની આધારે હાલ ના આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહી.

આમ, ઉપરોકત સાહેદોની જુબાનીમાંથી કહેવાતા બનાવમાં બનાવ સમયે ભોગ બનનાર સાહેદોએ હાલના આરોપીને ઓળખેલ નથી તથા આ કામે આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી.

**(૧૩.૪)** ઉપરોકત તમામ પુરાવાઓને વંચાણે લેતા અને તમામે તમામ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા એ હકીકત નિર્વિવાદપણે ફલીત થાય છે કે આ કામે રજૂ થયેલ ફરિયાદની અંદર હાલના કોઈ આરોપીનું નામ, સરનામું કે શારીરીક બાંધાનું કોઈ વર્ણન દર્શાવેલ નથી. ત.ક.અમલદારની રજુ જુબાનીઓ જોતા તેઓએ પોતાની તપાસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ છે પરંતુ હાલના આરોપી પાસેથી ગુનાના કામે વપરાયેલ કોઈ મારક હથીયાર કે લુંટમાં ગયેલ કોઈપણ પ્રકારનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો આપતા નથી. ફરિયાદ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ આપવામાં આવેલ હોય અને ત્યાર બાદ તપાસના કામે કોઈ આરોપીની સંડોવણી ખુલતી હોય તેવા સંજોગોમાં ત.ક.અમલદારની એ ફરજ બની રહે છે કે તેઓએ આવા આરોપીને સાહેદો

રૂબરૂ એવીડન્સ એકટની કલમ–૯ મુજબ કાયદેસરની ઓળખપરેડ હાથ ધરાવવી પડે. પરંતુ ત.ક.અમલદારે સમગ્ર તપાસ દરમ્યાન કે સાહેદો મારફતે આરોપીની નિયમ મુજબ કોઈ ઓળખ પરેડ કરાવામાં આવેલ નથી.એટલું જ નહી પરંતુ સમગ્ર તપાસ જોતા હાલના આરોપીને કોઈ પણ સાહેદે કોઈ પણ તબકકે ઓળખી બતાવેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી અને તેવા સંજોગોમાં એકમાત્ર ત.ક. અમલદાર સમક્ષ રીમાન્ડના કામે આરોપીએ કરેલ કબુલાતને આધીન આરોપીને મચકુર ગુના સબબ સંડોવી દેવા ન્યાયોચીત ગણી શકાય નહી.

**(૧૩.૫)** એટલું જ નહી, પરંતુ એક તબકકે ત.ક. અમલદારની જુબાની માની લેવામાં આવે કે હાલના આરોપીએ તેઓની રૂબરૂ અન્ય ગુનાના કામે રીમાન્ડ દરમ્યાન પુછપરછમાં હાલના ગુનાની કબુલાત કરેલી તો પણ તેવી કબુલાત એવીડન્સ એકટની કલમ–૨૫ અને ૨૬ ની જોગવાઈ જોતા પુરાવામાં ગ્રાહય ગણી શકાય નહી.ત.ક.અમલદારે એવીડન્સ એકટ ની કલમ–૨૭ ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલીત થતું નથી. હાલના આરોપીનો ગુનાના કામે ચોકકસ શું રોલ હતો, તે બતાવતો કોઈ પણ પ્રકારનો આધાર ભૂત પુરાવો ફરિયાદ પક્ષ આ કામે રજુ કરી પુરવાર કરી શકેલ નથી.ઓળખ પરેડ હાથ ના ધરવા સબબનું કોઈ ચોકકસ કારણ ત.ક.અમલદારે આપેલ નથી.

**(૧૩.૬)** આમ, ઉપરોકત રજુ પુરાવાથી હાલના આરોપીની ગુનાના કામે નિ:શંકપણે સંડોવણી હોવાની હકીકત જણાવતા નથી. એટલું જ નહી પરંતુ હાલના આરોપી પાસેથી કોઈ પણ પ્રકારનો મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ હોવાનું ફલીત થતું નથી. ત.ક.અમલદારે પણ આરોપીને અટક કર્યા બાદ ફરિયાદી કે બનાવનો ભોગ બનનાર અન્ય કોઈ પણ સાહેદ મારફતે આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી અને તે તમામ સંજોગોને આધારે જયારે ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો કડીબધ્ધ રીતે પુરવાર કરી શકેલ ના હોય તે સંજોગોમાં હાલના આરોપી નં. ૩, ૫ તથા ૬ નિર્દોષ છુટકારા માટે હકકદાર ઠરે છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર

કરવામાં નિષ્ફળ ગયેલ હોય **મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે નકાર**માં આપી નીચે મુજબનો **મુદ્દા નં.ર નો આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

> આ કામના આરોપી : ૩. કીરણભાઈ રસુલભાઈ પરમાર, રહે.– આંબાકાચ, મકડવા ફળીયુ, તા.ધાનપુર, જી.દાહોદ, ૫. સુરેશભાઈ ગમજીભાઈ ભુરીયા, રહે.–વાંસીયા ડુંગરી, તા.ધાનપુર, જી.દાહોદ, ૬. લીલેશભાઈ બદીયાભાઈ ભાભોર રહે.– ધનાર પાટીયા , તા. ધાનપુર, જી.દાહોદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫ (૧) અન્વયે તેઓની સામેના ભારતીય દંડ સંહીતા ની કલમ –૩૯૫, ૩૯૭ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧)(બી–એ) મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

> આ કામના આરોપી નં.૩, ૫, ૬ જામીન ઉપર મુકત હોય તેઓના જામીન ખત તથા જાતમુચરકા રદ કરવા.

> આરોપી નં.૩, ૫, ૬ નાએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવા.

> જયારે બાકીના આરોપીઓ સામે અલગથી ચાર્જસીટ કરવા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીને યાદી કરવી.

હુકમ આજ તા.૧૮ મી, માહે –જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૬/૨૦૨૬ (મીનાક્ષી મહેશ સોની)
સ્થળ : લીમખેડા બીજા એડી.સેશન્સ જજ, દાહોદ
મુ. લીમખેડા, જી.દાહોદ.
CODE NO. GJ00740